International Journal of Research in all Subjects in Multi Languages
[Author: Pankaj Chaudhari] [Subject: Sociology]
Vol. 2, Issue: 4, April-May 2014
(IJRSML) ISSN: 2321 - 2853

# લુપ્ત થતી મેળા સંસ્કૃતિ

પંકજ ચૌધરી

ગુજરાત એટલે તહેવારો,ઉત્સવો અની મેળાઓની સંસ્કૃતિનું સંગમસ્થાન.ગુજરાતમાં ધાર્મિક,સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો ખૂબજ ધામ-ધૂમથી ઉજવાયછે. સાથે-સાથે ભાતીગળ મેળા ઉત્સવ પણ જોડાયેલો છે. ગુજરાતમાં મેળાઓનું ધાર્મિક અને સાંસ્કૃતિક ખૂબજ મહત્ત્વ છે.જે તે પ્રદેશમાં ઉજવાતો મેળો તે પ્રદેશની ધાર્મિક, સામાજિક અને લોક ભાતીગળ સંસ્કૃતિને ઊજાગર કરે છે.'મેળો' શબ્દ સાંભળતાંની સાથે જ ચકડોળ, રમકડાં બજાર, દોરી પર ચાલતા નટનો ખેલ, તેમજ ભાતીગળ કલાના બેનમૂન નમૂના વગેરેનું ચિત્ર આપણી સમક્ષ ખડું થઇ જાય છે. મેળો એટલે માત્ર આનંદ મનોરંજનનું માધ્યમ નહીં પરંતુ લોક કલાને જીવંત રાખવાનું માધ્યમ છે. કેટલીક જગ્યાએતો પશુમેળા પણ ભરાતા હતા. તેમાં જાતવાન પશુઓની લે-વેચ થતી 'વૌઠાનો મેળો' તેના ઉદાહરણ રુપ છે. પરંતુ આવા પશુ મેળા લુપ્તતાને આરે છે. અહીં ગુજરાતમાં ઉજવાતા મહત્ત્વના મેળાઓમાં 'વૌઠાનો મેળો', શૂલપાણેશ્વરનો મેળો',શામળાજીનો કાર્તિકેય પૂનમનો મેળો',ભવનાથનો શિવરાત્રિનો મેળો', 'માણેકથરી પૂનમનો મેળો','અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો', 'કોળિયાકમાં નિષ્કલંક મહાદેવનો મેળો', 'મોઢેરાનો મેળો', વરાણા ખોડિયારમાતાનો મેળો','હાજીપીરનો મેળો' વગેરે નાના- મોટા મળી આશરે ૧૬૦૦ ઉપરાંત મેળાઓ ઉજવાય છે. તેમાંથી ૫૦૦ જેટલા મેળા તો શ્રાવણ માસમાં ઉજવાય છે. ગુજરાતમાં સુરત જિલ્લામાં સૌથી વધુ અને ડાંગ જિલ્લામાં સૌથી ઓછા મેળા ઉજવાય છે. અહીં ગુજરાતના કેટલાક પ્રચલિત મેળાઓનો ધાર્મિક-સામાજિક-સાંસ્કૃતિક પરીપ્રેક્ષ્યમાં અભયાસ તપાસીએ.

**શામળાજીનો મેળો**

શામળાજીના મેળાની ઉજવણી દર વર્ષે કાર્તિકેય પૂનમે કરવામાં આવે છે.અમદાવાદથી લગભગ ૧૩૫ કી.મી.દૂર અરવલ્લી જિલ્લામાં આવેલ મેશ્વો નદીના કિનારે બિરાજમાન ભગવાન શામળીયાના ધામમાં બે સપ્તાહ સુધી મેળો ભરાય છે.શામળાજી એક પ્રસિધ્ધ વૈષ્ણવ તીર્થસ્થાન છે. રાજસ્થાનની સરહદે આવેલ આ રમણીય સ્થળે ભગવાન શામળીયાનું મંદિર ૧૧મી સદીમાં નિર્માણ પામ્યું હતું. અહીંની સ્થાપત્ય કળાકારીગરી બેનમૂન છે. શામળાજીના મેળામાં આસપાસમાં વસતા જનજાતિ,ગરાસિયા,ભીલ જાતિના જનસમુદાય ભક્તિ અને ઉત્સાહથી ઉમટે છે. અહીં મોટી સંખ્યામાં અદિવાસી સમાજ આવી તેમના વ્હાલા 'કાલીયા ભવજી'ના દર્શન કરી ધન્યતા અનુભવે છે. શામળાજીના મેળામાં નાગધરાકુંડમાં સ્નાન કરવાનો પણ અનેરો મહીમા છે. આ ભાતીગળ મેળામાં ગ્રામીણ લોકકલાના બેનમૂન નમૂના પણ જોવા મળે છે.આમ, વિવિધતા ધરાવતા આ મેળામાં લોક ભાતીગળ સંસ્કૃતિનાં દર્શન થાય છે.

### તરણેતરનો મેળો

સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ગામમાં નિલકંઠેશ્વર મહાદેવના મંદિરમાં ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ છઠ સુધી ભરાતો આ ભાતીગળ મેળો ભારતભરમાં અને વિદેશમાં પણ ખૂબજ જાણીતો છે. આ વિસ્તારનું પૌરાણિક મહત્ત્વ પણ ખૂબજ છે. એવું મનાય છે કે આ સ્થળે દ્રૌપદી જન્મ, દ્રૌપદી સ્વંયવર, અને અર્જૂને માછલીની આંખમાં બાણ માર્યું હતું તે આ સ્થળ છે. આ પૌરાણિક પરંપરાના ભાગરુપે આજે પણ મેળામાં એક 'લગ્નનું બજાર' ભરાય છે જેમાં આદિવાસી યુવક-યુવતીઓ પોતાના જીવનસાથીની પસંદગી કરે છે. આમ, સ્વયંવરની પરંપરાને આજે પણ જાળવી રાખી છે. મેળામાં પશુપ્રદર્શન, સ્થાનિક શિલ્પ કળાનું પ્રદર્શન તેમજ પ્રવાસીઓને હુડો અને રાસ શીખવાનો અવસર વગેરે મુખ્ય આકર્ષણો હોય છે. અહીં આવેલ જળાશયમાં ડુબકી લગાવવાનો પણ અનેરો મહિમા છે. જે ગંગા સ્નાન જેટલું ફળદાઇ છે તેવું મનાય છે. આમ પૌરાણિક અને સામાજિક પરંપરાની સંસ્કૃતિને જાળવી રાખતો આ મેળો વિદેશી પ્રવાસીઓનું પણ આકર્ષણ બન્યો છે.

### વૌઠાનો મેળો

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામમાં કાર્તિકી અગિયારસથી પૂર્ણિમા સુધી આ મેળો ભરાય છે. વૌઠાના મેળાનો ઉલ્લેખ પુરાણકથાઓમાં પણ જોવા મળે છે. વૌઠાના વિસ્તારમાં સાબરમતિ, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, માઝૂમ અને શેઢી એમ સાત નદીઓનો સંગમ થતો હોવાથી તે 'સપ્ત સંગમ' તરીકે પણ પ્રચલિત છે. અહીં ભગવાન શિવ, પાર્વતી, અને કાર્તિકેય પણ આ સ્થળની મુલાકાત લીધી હોવાનું મનાય છે. મેળાની વિશેષતા એ છે કે અહીં ફક્ત પશુઓનો જ વેપાર થાય છે. જેમાં ૪૦૦૦ જેટલા ગધેડાનો વેપાર થાય છે. આ મેળામાં વણઝારા જાતિના લોકો વધુ આવે છે. મેળામાં શણગાર સજેલા ગધેડાઓ પણ આકર્ષણ જમાવે છે. આમ, આવા પૌરાણિક, ધાર્મિક અમે સામાજિક સંસ્કૃતિને જાળવી રાખતા મેળામાં પાંચ લાખથી પાણ વધુ લોકો ઉમટે છે. અને ભગવાન સિધ્ધનાથ મહાદેવના દર્શન અને મેળાનો લાભ લે છે.

### ભવનાથનો મેળો

જુનાગઢ પાસે ગિરનારની તળેટીમાં સુવર્ણરેખા નદી નજીક આવેલા ભવનાથ મહાદેવના મંદિરમાં મહાશિવરાત્રિની મધ્યરાત્રિએ મહાપૂજા કરવામાં આવે છે અને તે સ્થળે મહામેળો ભરાય છે. આ ભવનાથનો મેળો પાંચ દિવસ સુધી ચાલે છે. જૂનાગઢની ભૂમિ દેવસ્થાનો અને સાધુ-સંતોની પાવન ભૂમિ છે તેથી મેળામાં ખાસુ આકર્ષણ રહે છે. મહાશિવરાત્રિના દિવસે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. તેમાં જુદા-જુદા અખાડાના સાધુ-સંતો, નાગા બાવા આવે છે. આ ઉત્સવમાં સ્વયં ભગવાન શિવજી પધારી ભક્તોની વચ્ચે આવે છે. આ મેળામાં શ્રધ્ધાળુ- ભાવિક ભક્તો સંગીત, નૃત્ય અને ભજન-કિર્તન કરી રાતભર જશ્ન કરે છે. મેળામાં ખાણી-પીણીથી લઇ રમકડાં અને ધાર્મિક પૂજા કર્મની સામગ્રી, રુદ્રાક્ષ વગેરેના ભવ્ય સ્ટૉલ લાગે છે. આ ઉપરાંત અયોધ્યા અને મથુરાના વેપારીઓ તેમની કલા-કારીગરીના નમૂના વેચવા આવે છે. મેળામાં પિત્તળ અને તાંબાના વાસણો પણ આકર્ષણ જમાવે છે. આમ આ મેળો ધાર્મિક અને સામાજિક ખૂબજ મહત્ત્વ ધરાવે છે. આ ઉપરાંત 'ડાકોરનો માણેકઠારી પૂનમનો મેળો' આસો માસની

શરદપૂનમના દિવસે ખેડા જિલ્લાના ડાકોર મુકામે ભરાય છે. એવું માનવામાં આવે છે કે ભગવાન રણછોડરાય સ્વયં હાજરી આપે છે.આ મેળામાં પણ લાખો શ્રધ્ધાળુ ઉમટ છે.તો 'જન્માષ્ટમીનો મેળો' પણ ગુજરાતના કેટલાય ગામોમાં ઉજવાય છે.શ્રાવણ વદ આઠમના રોજ કૃષ્ણ જન્મોત્સવને વધાવવા આ મેળો ઠેર ઠેર ભરાય છે જેમાં ભક્તિ અને આસ્થા જોડાયેલી છે. ગાંધીનગર જિલ્લાના રુપાલમાં વરદાયિની માતાજીની પાલખી કાઢવામાં આવે છે જેમાં કરોડો રુપિયાનું લાખો લિટર ઘી ચડાવવામા આવે છે જે **'પલ્લી'** તરીકે ઉજવાય છે. આમ, રપાલમાં પણ ભવ્ય મેળો ભરાય છે. એક સમય હતો કે મેળા એટલે ઉમંગ-આસ્થા અને ભક્તિનો લ્હાવો પરંતુ સમય સાથે બદલાતા આધુનિક માનવીની સાથે-સાથે પરંપરાગત મેળાઓમાં પણ બદલાવ આવવા લાગ્યો ભાતીગળ સંસ્કૃતિ ધીરે-ધીરે અસ્ત થવા લાગી અને તેનું સ્થાન 'આનંદ મેળા'ઓએ લઇ લીધું જેમાં આધુનિક જીવન ધબકે છે. માટે આપણી પરંપરાગત લોકસંસ્કૃતિ-ભાતીગળ સંસ્કૃતિની સાચી ઝાંખી જોવી હોય તો આવા લોકમેળાને પ્રોત્સાહન આપીએ અને આપણી અમૂલ્ય ભાતીગળ સંસ્કૃતિ જાળવીએ.